ડીસા પાલિકાની સામાન્ય સભામાં શાસક પક્ષના જ સભ્યોનો બળાપો

પક્ષને બદનામ કરતા સભ્યો સામે રજૂઆતો કરાશે : ધારાસભ્ય : સભ્યોને સાંભળ્યા વગર બેઠક પૂર્ણ જાહેર કરાઇ હોવાનો આક્ષેપ

ડીસા, તા. ૩

ડીસા નગરપાલિકાની સામાન્ય સભા સોમવારે પાલિકાના સભાખંડમાં યોજાઇ હતી પરંતુ નગરપાલિકા પ્રમુખ દ્વારા સામાન્ય સભામાં કંઈ જ ચર્ચા વિચારણા કર્યા વગર માત્ર બે જ મિનિટમાં બેઠક પુરી જાહેર કરી હોવાના આક્ષેપો ખુદ ભાજપ અને વિપક્ષના સભ્યોએ કરી ભારે હોબાળો મચાવ્યો હતો.

ડીસા નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ શિલ્પાબેન માળીના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાની ઉપસ્થિતિમાં સોમવારે નગરપાલિકાના સભાખંડમાં યોજાઇ હતી. સામાન્ય સભાની શરૂઆત વંદે માતરમ ગાન દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ નગરપાલિકા પ્રમુખ દ્વારા એજન્ડા મુજબના કામો અંગે ચર્ચા કર્યા બાદ અચાનક સામાન્ય સભાને પૂર્ણ જાહેર કરતા ખુદ ભાજપના જ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ માળી, નિલેશભાઈ ઠક્કર, પૂર્વ પ્રમુખ વિપુલભાઈ શાહ, શંકરભાઈ કતીરા, દિપકભાઈ પટેલ, મણીબેન પરમાર, પલ્લવીબેન જોષી, ડૉ. ભાવિબેન શાહ સહિતના સદસ્યોએ હોબાળો મચાવ્યો હતો. સામાન્ય સભામાં ઓવરબ્રિજ, સાયન્સ કોલેજ અને બંધ પડેલા બગીચા અંગે ચર્ચા ન કરાતા રોષે ભરાયેલા સદસ્યોએ નગરપાલિકાના મુખ્ય અધિકારી ઉપેન્દ્ર ગઢવીને લેખિતમાં રજૂઆત કરી હતી કે સામાન્ય સભાના એજન્ડા ખોટા લખાય છે અને નિયમ મુજબ સભાની કામગીરી ન થતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. જો કે મુખ્ય અધિકારીએ સામાન્ય સભા ચલાવવાની જવાબદારી અધ્યક્ષની હોવાનું જણાવ્યું હતું.

આ બાબતે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ જણાવ્યું કે ડીસા નગરપાલિકાની સામાન્ય સભામાં ભાજપના જ કેટલાક સદસ્યો કોંગ્રેસ સાથે ભળી જઇ પક્ષને બદનામ કરી રહ્યા છે. જેથી આવા સદસ્યો વિરૂધ્ધ ભારતીય જનતા પાર્ટીમાં રજૂઆત કરાશે તેમ પણ ઉમેર્યું હતું. જો કે પાલિકાની સામાન્ય સભા શહેરમાં ચર્ચાના ચગડોળે ચડવા પામી હતી.

શિલ્પાબેન માળી, ડીસા પાલિકા પ્રમુખ

આજે સાધારણ સભાની કામગીરી નિયમ મુજબ કરાઇ છે બેઠકમાં ખાસ કોઇ મુદ્દા ન હતા પરંતુ કેટલાંક અમારા પાર્ટીના સદસ્યોને સારૂ કામ ન દેખાતા તેઓ ખોટા આક્ષેપો કરી કામગીરીમાં વિક્ષેપ લાવી રહ્યા છે તેમજ સામાન્ય સભાની કામગીરી નિયમ મુજબ જ કરાઈ હોવાનો પુનરોચ્ચાર કરી દરેક કામગીરી શહેરના હિતમાં થવી જોઈએ તેમ ઉમેર્યું હતું.

પ્રાંતિજના રસુલપુરના ગ્રામજનોએ અંડર બ્રીજની માંગ સાથે વિશાળ રેલી યોજી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રસુલપુર ખાતે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ઓવરબ્રીજ કે અંડરબ્રીજની કોઈ સુવિધા આપવામાં નહીં આવતા રસુલપુર ગ્રામજનો દ્વારા અંદર બ્રીજની માંગ સાથે રેલી યોજી ધરણાં યોજાયો હતાં અને માંગ પુરી નહી થાય તો આવનાર દિવસોમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી હતી. અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ હાલ છ માર્ગીય રોડનું કામ ચાલું હોય અને પ્રાંતિજના રસુલપુરના લોકોને આ બાજુથી સામેની બાજુ જતી વખતે વારંવાર અકસ્માતનો ભોગ બન્યા છે અને ગ્રામજનોને જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે તો હાઈવે ઓથોરિટીમાં અંડરબ્રીજની રજુઆત કરવા છતાં પણ કોઈ પગલાં લેવામાં ના આવતાં આજે સમગ્ર રસુલપુરના ગ્રામજનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિશાળ રેલી યોજીને નેશનલ હાઈવે આઠ સુધી સૂત્રોચ્ચારો સાથે નિકળી હતી જેમાં નેશનલ હાઈવે ઓથોરિટી હાય હાય ના નારા સાથે હમારી માગે પુરી કરો સાથે ગામની મહિલા બાળકો યુવાનો વૃધ્ધો રેલીમાં જોડાયા હતા અને વિશાળ રેલી યોજીને ધરણાં યોજયા હતાં અને આગામી દિવસમાં અમારી અંડરબ્રીજની માંગ નહી સ્વીકારાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી છે.

વિજયનગર તાલુકા પંચાયતનું લોકાર્પણ કરાતા પ્રજાજનોમાં આનંદની લાગણી

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકા મથક ખાતે વિજયનગર તાલુકા પંચાયતનું નવ નિર્મિત ભવનનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના મત વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના દંડક અશ્વિનભાઈ કોટવાલના વરદ્‌હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું. વિજયનગર તાલુકા વિકાસ અધિકારી પી.સી. સુમેરા, તાલુકા પંચાયત પ્રમુખ કાંતાબેન બળોવિયા, ઉપ પ્રમુખ નવલજી ચૌહાણ, સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ યશ કોટવાલ, સહિત પ્રજાજનો ઉપસ્થિત રહયા હતા.

મોડાસામાં એલઆઈસી કર્મચારીઓનો સરકાર સામે ઉગ્ર વિરોધ, સૂત્રોચ્ચાર

બજેટ-૨૦૨૦માં એલઆઈસીમાંથી સરકારી હિસ્સેદારી વેચવા આઈપીઓ લાવવાના નિર્ણયનો વિરોધ

મોડાસા, તા. ૩

નાણામંત્રી નિર્મલા સિતારમણે બજેટમાં એલઆઈસી લઈને મોટી જાહેરાત કરી હતી. નાણામંત્રીએ કહ્યું કે સરકાર દેશની સૌથી મોટી ઈન્સ્યૂરન્સ કંપની ભારતીય જીવન વીમા નિગમ પોતાની હિસ્સેદારી વેચવા માટે ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ લાવવામાં આવશે. સરકાર આઈપીઓ દ્વારા એલઆઈસીમાં પોતાના શૅરનો હિસ્સો વેચવાનો પ્રસ્તાવ કર્યો છે. સરકાર એલઆઈસીમાં પોતાની હિસ્સેદારી વેચીને પૈસા એકત્ર કરશેની ઘોષણા થતાની સાથે એલઆઈસીના કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો અને સરકારના નિર્ણયને દેશ હિતને વિરુદ્ધ ગણાવી ૪ ફેબ્રુઆરીએ ૧ કલાક માટે દેશવ્યાપીની હડતાલ પર જવાના છે ત્યારે અરવલ્લી જીલ્લામાં એલઆઈસી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને એજન્ટમાં ભારે રોષ ફેલાયો છે અને એલઆઈસીના ખાનગી કરણ સામે વિરોધ નોંધાવ્યો હતો.

નાણામંત્રીએ બજેટ ૨૦૨૦-૨૧ રજૂ કરતાં કહ્યું કે સરકાર એલઆઈસીમાં પોતાની જવાબદારી આઈપીઓ દ્વારા વેચશે. હાલ ભારતીય જીવન વીમા નિગમમાં સરકારની હિસ્સેદારી ૧૦૦ ટકા છે. સરકારની ડિસઈન્વેસ્ટમેન્ટ નીતિ હેઠળ એલઆઈસીનું લિસ્ટિંગ કરશે જેના પગલે મોડાસા શહેરમાં આવેલી એલઆઈસી શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓએ અને એજન્ટોએ એલઆઈસીનું ખાનગીકરણ રોકવા "સેવ એલઆઈસી" અને "પ્રોટેક્ટ એલઆઈસી" અને ફાયનાન્સ મિનિસ્ટર હોશમાં આવો હોશ મૈં આકે બાત કરો" ના નારા લગાવી સૂત્રોચ્ચાર કર્યા હતા એલઆઈસીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને એજન્ટોએ આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

સાબરડેરી ભરતી કૌભાંડમાં કરેલ હાઈકોર્ટમાં પિટીશન કરનાર પ્રાંતિજના સામાજિક કાર્યકરને ધમકી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સાડા ચાર લાખ પશુપાલકો સાબરડેરીના સભાસદ હોવાને લઈને સાબરડેરીને બંને જીલ્લાઓની આર્થીક કરોડ રજ્જુ તરીકે જોવામા આવે છે. સાબરડેરીમા ડિરેક્ટર તરીકે નવા લોકોને લાભ મોકો આપવામાં આવતો નથી. ડિરેક્ટરો માટે ડેરી દુઝણી ભેંસ બની ગઈ છે. ડેરીના વહીવટમાં ભ્રષ્ટાચાર કરીને રૂપિયાની મલાઈ તારવી લેવા માટે જ પદ મેળવવામાં આવે છે. સાબરડેરીની ૧૮૯ વિવિધ જગ્યાઓ માટે ૧ પથી ૨૫ લાખ રૂપિયા ઉમેદવારો પાસેથી ખંખેરવામાં આવતા હોવાની સાથે મસમોટું ભરતી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું ડેમાઈ જીલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલે આક્ષેપ કર્યા પછી વડાપ્રધાનથી લઈ મુખ્યમંત્રી અને રજિસ્ટ્રારમાં લેખિત રજુઆત કરી હતી, બીજી બાજુ પ્રાંતિજના સામાજિક કાર્યકર અનિલ પટેલે પણ સાબરડેરીના ભરતી કૌભાંડમાં હાઈકોર્ટમાં અરજી કરતા સાબરડેરીની ભરતી પ્રક્રિયા ઘોંચમાં પડતા કેટલાક સહકારી અગ્રણીઓના પેટમાં તેલ રેડાયું હતું.

સાબર ડેરીના ભરતી કૌભાડમાં હાઈકોર્ટમાં પિટિશન કરનાર સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ગામના અનિલકુમાર અંબાલાલ પટેલે ડેરીના વાઈસ ચેરમેન અને ડિરેક્ટરોએ ફોન અને અન્ય વ્યક્તિઓ મારફત ધમકી આપીને પીટીશન પરત ખેંચવા ધમકાવ્યા હોવાની લેખિત ફરિયાદ સાબરકાંઠા પોલીસવડા ચૈતન્ય મંડલિકને કરી જણાવ્યું છે કે સાબરડેરી ભરતી કૌભાંડમાં હાઈકોર્ટમાં કરેલી પિટિશન પાછી ખેંચી લો નહીંતર અમિત જેઠવાના હાઈકોર્ટ સામેના કોમ્પલેક્ષમાં ગોળીબારીથી મૃત્યુ થયું તેમ તમારા પણ તેવા જ હાલ થશે ની ધમકીથી ફફડી ઉઠી અરજી કરીને રક્ષણ અને કાર્યવાહી કરવા માંગ કરી છે.

સાબરડેરીના ભરતી કૌભાંડ મામલે હાઈકોર્ટમાં અરજી કરનાર અનિલ પટેલે સાબરકાંઠા જિલ્લા પોલીસ વડાને અરજી કરીને ધમકી આપી હોવાની એક લેખિત ફરીયાદ કરી છે. સાબર ડેરીના ભરતી બાબતે રજૂઆત કરતા સાબરડેરીના વાઈસ ચેરમેન અને ડિરેક્ટરોએ મને મારી નખાવવા માટે કાવતરુ રચી મારા પર અચાનક સામાજીક તત્વો દ્વારા હુમલો કરાવે તેવી દહેશત છે. જેથી કરીને માને રક્ષણ આપવામાં આવે અને સાબર ડેરીના વાઈસ ચેરમેન તથા ચાલુ ડિરેક્ટરો સામે અટકાયતી પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવા ૬ વ્યક્તિના નામ જોગ માગ કરી છે.

પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ સાથે બે'ની અટકાયત કરી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ પાસેથી વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે પ્રાંતિજ પોલીસે બે આરોપીઓની અટકાયત કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સલાલ પાસે આવેલ ગોકુલ હોટલ માલિક રણજીતસિંહ મંગળસિંહ ચૌહાણ ઉ.વ.૨૭ ગોકુલ હોટલ મુળ રહે.૧૩૭, સણગૌતકા બાડીયા કાલબકલ્લા તા. રાયપુર જી.પાલી રાજસ્થાન તથા ગોકુલ હોટલ માલિક શ્રવણસિંહ ભૈરુસિંહ ચૌહાણ ઉ.વર્ષ-૨૭ રહે.ગોકુલ હોટલ સલાલ

મુળ રહે સુરજપુરા તા. ખ્યાવર જી. અજમેર રાજસ્થાન કે જેવો પોતાના કબજાની એકટીવા નંબર જી.જે.૦૧પી.વાય ૭૭૬૫ તથા પોતાના કબજાની ખુલ્લી જગ્યામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર નાની મોટી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નં.૧૧ કિમત રૂપિયા-૫૧૦૦ તથા એકટીવાની કિંમત રૂપિયા-૩૫૦૦૦ તથા આરોપી રણજીતસિંહ ચૌહાણ પાસેથી અંગ ઝડતી માથી મોબાઈલ નંગ-૧ જેની કિંમત રૂપિયા- ૬૦૦૦ મળી કુલ મુદામાલ કિ. રૂપિયા ૪૬, ૧૦૦ એકબીજાની મદદગારી કરતા તા.૨-૨-૨૦૨૦ના રોજ મળી આવતાપ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ કિરીટસિંહ રજનીકાન્તસિંહની ફરીયાદના આધારે ગુનો નોધી આઈપીસી કલમ-૬૫ઇ, ૧૧૬ (બી) ૯૮ (૨), ૮૧ મુજબ ગુનો નોધી આગળની તપાસ પોલીસ હેન્ડ કોન્સ્ટેબલ માનસિંહ મનવંતસિંહ દ્વારા તપાસ હાથ ધરવા મા આવી છે.

વાંકાનેર ગામમાં શ્રી કાલીકા માતાજી મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં શ્રી કાલીકા માતાજી નુતન મંદિરમાં ત્રિ-દિવસીય ભવ્યાતિભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. હેલીકોપ્ટર ધ્વારા પુષ્પવૃષ્ટી કરાઈ હતી.શ્રી કાલીકા માતાજીના મંદિર ઉપર અલૌકિક ભવ્યાતિભવ્ય નજારો માણવા ભક્તો ઉમટ્યા હતા. મુખ્ય યજમાન સ્વ.ઓટરમલજી જવાહરમલજી સોની, ફુલીબેન ઓ.સોની, કિશોરકુમાર સોની, રાજેશકુમાર સોની, અશોકકુમાર સોની,સોની પરીવાર,વાંકાનેર (ધાંધલ પરીવાર) વાંકાનેર ગ્રામ સમસ્ત શ્રી કાલીકા માતાજી નુતન મંદિરમાં યજ્ઞના મુખ્ય આચાર્ય શાસ્ત્રી કિર્તીકુમાર એમ.દવે, ઉપાચાર્ય શાસ્ત્રી હાર્દિકકુમાર કે.દવે સહિત ભુદેવોએ પ્રાણ પ્રતિષ્ઠા વૈદિક મંત્રોચ્ચાર ધ્વારા કરાઈ હતી. શ્રી કાલીકા માતાજી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા દરમ્યાન અમદાવાદ, વડોદરા, મુંબઈ, રાજસ્થાન સહિત દુર-દુરથી માંઈ ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.સમસ્ત વાંકાનેર ગ્રામજનોએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.શ્રી કાલીકા માતાજીની અસીમ કૃપાથી ગ્રામજનોએ આસ્થા અને વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ કાલીકા માતાજીના મંદિરમાં માનતા, બાધા, આંખડી શ્રધ્ધાભેર રાખે તેના સઘળા દુઃખો દુર થશે તેમ જણાવ્યું હતું. વાંકાનેર ગ્રામજનોએ ભક્તિ ભાવ સાથે શ્રી કાલીકા માતાજી નુતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રધ્ધાભેર ભાગ લીધો હતો.હજજારો માંઈ ભક્તોએ કાલીકા માતાજીના દર્શન અને મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

મોડાસાની ખાનગી હોસ્ટેલ પર હુમલો કરનાર શખ્સોને ઝડપી પાડવા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૩

મોડાસામાં જીલ્લા પોલીસવડા કચેરી સામે આવેલી ખાનગી હોસ્ટેલના રેક્ટર સાથે કૂતરું ભગાડવા જેવી સામાન્ય બાબતમાં ઝગડો કરી હિરેન ચૌધરી અને તેના મળતિયાઓએ હોસ્ટલમાં દોડી જઈ રેક્ટર સાથે મારઝૂડ કરી હિરેન ચૌધરી નામના શખ્સે વોશબેસીનની પાઈપ તોડી નાખી પાઈપ છેડે લાગેલ લોખંડના બોલ્ટ રેક્ટરના માથામાં અને શરીરના ભાગે ઝીંકી જીવલેણ હુમલો કરતા ચકચાર મચી હતી. સમગ્ર દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. હોસ્ટેલ માલિક અને હોસ્ટેલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મોડાસા ટાઉન પોલીસ ફરિયાદ લેવામાં આનાકાની કરી આરોપીઓને છાવરતી હોય તેમ ફરિયાદમાં આરોપીઓને ઓછા દર્શાવી આરોપીઓમાંથી ફરિયાદ નોંધાવતા સમયે ટાઉન પોલીસ સ્ટેશનમાં હાજર હોવા છતાં ધરપકડ ન કરી હોવાની અને એક કોન્સ્ટેબલ અને ટાઉન પીઆઈની ભૂમિકા સામે પણ આંગળી ચિંધાઈ હતી પોલીસ આરોપીઓને છાવરતી હોવાના આક્ષેપ સાથે આ ઘટનાના ૬ દિવસ સુધી એક પણ આરોપી નહિ પકડાતા મોડાસામાં રહેતા કચ્છી સમાજના અગ્રણીઓ અને યુવકોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આરોપીઓની તાત્કાલિક અસરથી ધરપકડ કરવામાં આવેની ઉગ્ર માંગ કરી હતી. જીલ્લા પોલીસવડા મયુર પાટીલને પણ રજુઆત કરી આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલવાની માંગ કરી હતી.

સોમવારે મોટી સંખ્યામાં કચ્છી સમાજના અગ્રણીઓ અને યુવકોએ જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ખાનગી હોસ્ટેલમાં ફરજ બજાવતા રેક્ટર પર હુમલો કરનાર અને મોડાસા શહેરમાં અભ્યાસ કરતા અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓમાં ભયનું વાતાવરણ પેદા કરનાર હિરેન ચૌધરી અને તેના મળતિયાઓની તાત્કાલિક અસરથી ધરપકડ કરવામાં આવે અને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયા ત્યારે ખાનગી હોસ્ટેલમાં રેક્ટર પર હુમલો કરનાર અને સીસીટીવી કેમેરામાં દેખાતો શખ્સ પોલીસ સ્ટેશનમાં હાજર હોવા છતાં અને આ અંગે ફરજ પરના કોન્સ્ટેબલને જાણ કરવા છતાં આ શખ્સનો ફરિયાદમાં ઉલ્લેખ કરવાનું ટાળી ધરપકડ નહિ કરતા હુમલાખોર શખ્સને છાવરવામાં આવ્યો હતો અને આરોપીના બચાવમાં પોલીસતંત્રએ કામગીરી કરી હોવાનું જણાવ્યું હતું આરોપીઓની ધરપકડ નહિ થાય તો આગામી સમયમાં આરોપીઓને પકડવા મહારેલી અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

વડગામના મગરવાડા નજીક રીક્ષા વચ્ચે કુતરું આવતા રીક્ષા પલ્ટી

વડગામ, તા. ૩

વડગામ તાલુકાના મગરવાડા નજીક રીક્ષા વચ્ચે કુતરૂ આવી જતાં રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેમા રીક્ષાચાલક સાથે બે વ્યક્તિને ગંભીર ઈજાઓ થઇ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર છાપીના શબ્બીરભાઈ મનસુરી રીક્ષામાં બે પેસેન્જર બેસાડીને વડગામ આવી રહ્યા હતા. તે દરમિયાન

મગરવાડા નજીક રીક્ષા વચ્ચે અચાનક કુતરૂ આવી જતાં રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેમા રીક્ષાચાલક મનસુરી શબ્બીરભાઈ તેમજ રજનીકાંત નાયક રહે. વડગામ તથા બબીબેન મફાભાઈ રબારી, મુળ રહે. દિયોદર તાલુકાના ધરવડી ગામના હાલ રહે સિધ્ધપુરને ઈજાઓ થઈ હતી. જેઓને તાત્કાલિક ખાનગી વાહનમા વડગામ સી.એચ.સી.મા સારવાર માટે લવાયા હતા.

હિંમતનગરની કોલેજમાં વિદ્યાર્થીઓ પાસેથી ટેબલેટ દીઠ રૂ. ૫૦ વધારાના લીધા હોવાના એબીવીપીનો આક્ષેપ

હિંમતનગર, તા. ૩

સરકાર દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ રાહત દરે આપવામાં આવતા ટેબલેટમાં હિંમતનગરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી સરકારે નક્કી કરેલા દર કરતા ૫૦ રૂપિયા વધુ લેતા હોવાને લઇ સ્થાનિક વિદ્યાર્થીઓ અને એબીવીપીના કાર્યકરોએ હિંમતનગરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સુત્રોચાર કરી આચાર્યને સોમવારે આવેદનપત્ર આપ્યું હતું અને પાચ દિવસમાં માંગણીઓ સંતોષવા અને આક્ષેપોનો ખુલાસો કરવા ચીમકી આપી છે.

હિંમતનગરની આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં રાજય સરકાર દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાહત દરે આપવામાં આવતા ટેબલેટની સરકાર દ્વારા નક્કી કરેલ દર કરતા ૫૦ રૂપિયા વધુ લેતા હોવાનો દાવો વિદ્યાર્થીઓ એ કર્યો હતો અને જેને એબીવીપીએ સમર્થન આપ્યા બાદ આજે કોલેજ ના આચાર્યને રજુઆત કરી આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા અન્ય વધારાની ફી વસુલવામાં આવી રહી હોવાનો દાવો પણ વિદ્યાર્થીઓએ કર્યો છે. કોલેજ દ્વારા આઈકાર્ડ નથી આપતા છતાં એની પણ ફી લેવામાં આવી રહી છે તો કસરત કરવા માટે જિમખાનું કોલેજમાં ના હોવા છતાં જિમખાનાની ફી લેવાનો પણ વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે. એક તરફ રાજ્ય સરકાર દ્વારા રાહત દરે આપવામાં આવતા ટેબ્લેટમાં સરકારે નિશ્ચિત કરેલ દર કરતા ૫૦ રૂપિયા વધુ લેવામાં આવતા હોવાના આક્ષેપ સામે કોલેજના પ્રિન્સિપાલે સ્વીકાર કર્યો છે અને કોલેજના ભરતી કરેલ આઉટસોરસિંગના કર્મચારીઓના પગાર કરવા અને સાથે કોલેજના વિકાસ કામોમાં ઉપયોગ અર્થે લેવામાં આવતા હોય છે પરંતુ વિદ્યાર્થીઓની માગ હોય તો મંડળમાં રજુઆત કરીને બાદમાં પરત કરવામાં આવશે કહી પૈસા વધુ લીધા હોવાનો પણ સ્વીકાર કર્યો છે.